# શ્રી એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર.

## બી.એ. સેમેસ્ટર-૧ના પ્રવેશ અંગેની સુચના (શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧)

**ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવા માટે તારીખ ૦૧/૦૭/૨૦૨૦ થી ૧૨/૦૭/૨૦૨૦ સુધી.**
**(અંતિમ તારીખ- ૧૨/૦૭/૨૦૨૦ સાંજે ૦૫.૦૦ સમય સુધીમાં, ત્યારબાદ લીંક બંધ થઈ જશે.)**

પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવા માટે વેબસાઈટનું નામ - www.mpsasc.edu.in

(૧). પ્રવેશ માટેના ઓનલાઈન ફોર્મમાં માહિતી સમજી વિચારીને કાળજીપૂર્વક ભરી સંપૂર્ણ ચકાસણી કરીને સબમિટ કરવી. જો ભરેલી માહિતી ખોટી નીકળશે કે ગેરમાર્ગે દોરે એવી ધ્યાને આવશે તો આપની ઉમેદવારી આપોઆપ રદ્દ થશે અને પ્રવેશ મળશે નહિ. જો માહિતી ખોટી ધ્યાને આવશે તો આપના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને આપનો પ્રવેશ રદ કરવામાં આવશે.

(૨). ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ અત્રેની કોલેજ ખાતે ફોર્મ જમા કરવા આવવાનું નથી પરંતુ મેરીટમાં સમાવેશ થયા બાદ જે તારીખે હાજર રહેવાનું કહેવામાં આવે ત્યારે આ કોલેજ ખાતે જરૂરી આધારો(ઓરિજિનલ અને ઝેરોક્ષ) સાથે ઉપસ્થિત થવાનું રહેશે.

(૩). ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખ બાદ ઓનલાઈન આવેલ તમામ અરજીનું લીસ્ટ અત્રેની કોલેજની વેબસાઈટ પર તારીખ-૧૮/૦૭/૨૦૨૦ના રોજ ઓનલાઈન મુકવામાં આવશે તેમજ નોટીસબોર્ડ પર પણ મુકવામાં આવશે.(આવેલ તમામ અરજીનું લીસ્ટ સમજવું, મેરીટ લીસ્ટ ન સમજવું.)

(૪). ઓનલાઈન અરજી કરવા છતાં પ્રથમ લીસ્ટમાં (પ્રવેશ માટે આવેલ તમામ અરજીનું લીસ્ટ, જે મેરીટ લીસ્ટ નથી.) જેનું નામ આવેલ ન હોય તો તારીખ ૨૦/૦૭/૨૦૨૦ સુધીમાં અરજી કર્યાના જરૂરી આધારો સાથે સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૧.૦૦ સુધીમાં રૂબરૂ આવવાનું રહેશે. (ઓનલાઈન ફોર્મ ભર્યાની પ્રિન્ટ સાથે).

(૫). નક્કી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ કેટેગરીવાઈઝ મેરીટ લીસ્ટ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે જે ચેક કરતા રહેવાનું રહેશે. અને જેનો મેરીટમાં સમાવેશ થયેલ હોય તેઓએ જણાવેલ તારીખે ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે આવવાનું રહેશે. જેઓ જણાવેલ તારીખે ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે ઉપસ્થિત નહિ થાય તેઓને પ્રવેશ મેળવવાનો નથી એવું માની તેનું નામ રદ થશે.

(૬). ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટ સાથે લાવવાના રહેશે. કોઈ ડોક્યુમેન્ટ ખૂટતા હશે તો પ્રવેશ રદ થવાને પાત્ર થશે. તેમજ પછીથી કોઈ ડોક્યુમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ.

(૭). ડોક્યુમેન્ટ વેરિફિકેશન થયા બાદ તે જ દિવસે સત્ર ફી ભરવાની રહેશે.

(૮). જેઓના એડમિશન નક્કી થાય તેઓએ ધોરણ-૧૨ની અસલ માર્કશીટ જમા કરાવવાની રહેશે. જ્યાં સુધી યુનિવર્સીટીમાંથી એનરોલમેન્ટ નંબર ન આવે ત્યાં સુધી માર્કશીટ પરત કરવામાં આવશે નહિ, જેથી માર્કશીટની વધુ પ્રમાણમાં ઝેરોક્ષ કરાવી પોતાની પાસે રાખવાની રહેશે. વધુમાં પ્રવેશ રદ કરવાના સમયે જ માર્કશીટ પરત મળી શકશે.

(૯). મેરીટ લીસ્ટમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં પ્રવેશ મેળવશે નહિ કે સત્ર ફી ભરશે નહિ તેમનું આપોઆપ મેરીટલીસ્ટમાંથી નામ રદ થશે અને ત્યારબાદ બીજું નવું મેરીટલીસ્ટ તૈયાર થશે તેનો પ્રવેશ માટેનો કોઈ હકકદાવો રહેશે નહિ.

(૧૦). પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી પ્રવેશ અંગેની સુચના આ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવે તે ચેક કરતા રહેવાનું રહેશે. આ અંગે કોઈ વિદ્યાર્થીને મેસેજ કે ફોન કરવામાં આવશે નહિ.

(૧૧). પ્રવેશ સંબંધિત કોઈપણ પુછપરછ માટે ફોર્મ નંબર/મેરીટ નંબર અવશ્ય આપવાનો રહેશે.

M.P. SHAH ARTS & SCI. COLLEGE
SURENDRANAGAR

પ્રિન્સીપાલ,
એમ. પી. શાહ આર્ટસ &
સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર

ADMISSION NOTICE 2020 21 BA

Scanned with CamScanner

# મેરીટમાં આવ્યા બાદ પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઓનલાઈન ફોર્મની પ્રિન્ટઆઉટ સાથે જોડવાની જરૂરી ઝેરોક્ષ નકલો.(સ્વપ્રમાણીત)

૧. ૩ પાસપોર્ટ સાઈઝના ફોટા.

૨. સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ.

૩. ધોરણ-૧૨ની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ, તમામ.

૪. ધોરણ-૧૨ની ટ્રાયલ સર્ટીફીકેટની નકલ.

૫. સક્ષમ અધિકારીનું જાતિ અંગેનાં સર્ટીફીકેટના પ્રમાણપત્રની નકલ.(લાગુ પડતી તમામ કેટેગરી માટે)

૬. સક્ષમ અધિકારીનું નોન-ક્રિમીલીયેર સર્ટીફીકેટની નકલ.
(માત્ર ઓ.બી.સી. વિદ્યાર્થીઓ માટે, જો આ પ્રમાણપત્ર માટે અરજી કરેલ હોય અને પ્રમાણપત્ર આવેલ ન હોય તેવા સંજોગોમાં તેની પહોંચ રજુ કરવાની રહેશે. અને જયારે પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવે ત્યારે તેની સ્વપ્રમાંણીત નકલ જમા કરવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.).
(નોંધ :- જે પ્રમાણપત્રની અવધી ૩ વર્ષની પૂર્ણ થયેલ હોય તે પ્રમાણપત્ર અમાન્ય રહેશે.
તારીખ – ૦૧/૦૪/૨૦૧૭ કે ત્યારબાદનું જ માન્ય રહેશે.)

૭. EWS કેટેગરીના વિદ્યાર્થીઓએ પણ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૮. જો શારીરિક ખોડ-ખાંપણ હોય તો સક્ષમ અધિકારીનું તે અંગેનાં પ્રમાણપત્રની નકલ.(૪૦% કે તેથી વધુ)

૯. ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડ જેવા કે CBSE, કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલયમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ સૌ.યુનિવર્સીટીનું કામચલાઉ એલીજીબીલીટી પ્રમાણપત્ર પ્રવેશ ફોર્મ સાથે જોડાવાનું રહેશે, ત્યારબાદ એક મહિનામાં ફાઈનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ થશે.

૧૦. આધારકાર્ડની સ્વપ્રમાંણીત નકલ.

૧૧. જે વિદ્યાર્થીઓ માર્ચ-૨૦૨૦ પહેલા ધોરણ-૧૨ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ સોગંદનામું રજુ કરવાનું રહેશે અને એ સમયગાળા દરમિયાન શું પ્રવૃત્તિ કરેલ છે તે તેમાં જણાવવાનું રહેશે.

૧૨. વિશેષ રમતગમત/સંસ્કૃતિક અંગેના રાજ્ય કે નેશનલ લેવલના પ્રમાણપત્રોની નકલ. જો હોય તો.

M.P. SHAH ARTS & SCI. COLLEGE * SURENDRANAGAR *

પ્રિન્સીપાલ,
એમ. પી. શાહ આર્ટસ &
સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર

ADMISSION NOTICE 2020 21 BA

Scanned with CamScanner